

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

રાતે જાગવું ને મોડા ઉઠવું ફેશન દેખાય છે
કુટેવો બધી જ હવે સંસ્કારમાં જોખાય છે
લેખાય છે સ્વાભાવિક - પછી 'કાલે' ને ભૂલી ગયો -
હવે બધા અવગુણો સાવ સામાન્ય પોષાય છે!
(બધા નવયુવાનોમાં 'આળશ' 'એદી પણું' ઘર કરી ગયું છે)

### હાઈકુ

ગુમાન દસ્તો,
બન્યો છે દંભ સસ્તો!
ભૂલ્યો સૌ રસ્તો -
(વિનય - વિવેક વિસરાયા)

મદ મલકે
તોછડાઈ છલકે -
યુવા પલકે !!
(યુવાનોમાં દેખાતું વર્તન)

### ચિંતન

*ગુણાઃ સર્વત્ર પૂજયન્તે ન મહત્યોડપિ સમ્પદઃ ।*
*પૂર્ણેન્દરુ કિ તથા વન્દ્યો નિષ્કલડકો યથા કૃશઃ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

બધી જગ્યાઓ ઉપર મનુષ્યનો આદર સત્કાર તેના ગુણોને કારણે થાય છે. ગુણહીન મનુષ્ય પાસે યદિ ધનનો ભંડાર પણ હોય તો પણ તેને આદર સમ્માન પ્રાપ્ત થતું નથી. ઓછા પ્રકાશવાળો પરંતુ દાગ ધબ્બાથી રહિત બીજનો ચંદ્રમાં જે પ્રકારે પૂજાય છે, અથવા ઉત્તમ ગણાય છે, પૂર્ણિમાના ચંદ્રમાને એવું સમ્માન નથી મળતું.

મનુષ્યને પોતાના ગુણોને કારણે આદર સત્કાર મળે છે. બીજનો ચંદ્રમાં દાગ ધબ્બા વગરનો હોય છે. માટે તે પૂર્ણ ચંદ્રથી અધિક સુંદર દેખાય છે.

### સુવિચાર

- જિંદગીને કેમ જીવવી જોઈએ ? એક દી કોઈ પરીક્ષામાં તે પૂછાતું નથી!! - **નિનાદ અધ્યારું**
- 'ઝૂઠ' બે વજહ દલીલ દેતા હૈ... !! 'સત્ય' ખુદ અપના વકીલ હોતા હૈ! - **અનમોલ વચન**
- તમારું કલ્યાણકર્તા હો એ તમારો ધર્મ - **મોરારિ બાપુ**
- સાચી ઉપાસનામાં ઉપાસના કરતાં કરતાં ઉપાસ્યના ગુણો ઉપાસકમાં આવી જાય છે - **બોધિવૃક્ષ**
- બધું ફેંકી દેવું એ તપ નથી, શુભનો સ્વીકાર કરવો એ જ તપ છે, કોઈની ચડતી જોઈને જો તમને ઈર્ષ્યા ભાવ થાય તો તમે તપ કરવામાં કાચા છો તેમ જણાય - **જીવન પાથેય**
- દયા અમૃત છે, દયા અને કરુણામાં ગણતરી ન કરાય તેમજ તર્ક પણ ન કરાય - **ધર્મલોક**
- આજનું ઔષધ : નવશેકા પાણીમાં અજમાનું તેલ પાંચ ટીપા ઉમેરી કોગળા કરવાથી પેઢાના રોગોમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઉસ્તાદ ફૈયાઝમાં સિતારના વિશ્વ વિખ્યાત વાદક હતા. તેઓ એકવાર મુંબઈથી ટ્રેનમાં બેસીને મથુરા જઈ રહ્યા હતા. તેમના ડબ્બામાં તેમની બાજુની સીટ પર એક મહાત્મા મુસાફરીમાં સાથે હતા. મહાત્માની બર્થ ઉપરની હતી. રાત્રે દસ વાગતા તેઓ બીછાનું પાથરીને સૂઈ ગયા. ફૈયાઝ ખાનને તેઓ ઓળખતાં હતા. તેમણે જોયું કે આટલા મોટા સંગીતજ્ઞએ પોતાનો થેલો ખોલ્યો અને પોતાની બર્થ પર ચાદર બીછાવી. એની ઉપર થોડું અત્તર છાટ્યું. પછી પોતાની સિતારને તેના પર સુવડાવી. જાણે કોઈ વૈષ્ણવ ઠાકોરજીને શયન કરાવતા હોય. તેમને મુંબઈના સિતારવાદનમાં કોઈ મહાનુભાવે આપેલી મોંઘી શાલ સિતારને ઓઢાણી. ગુલાબના ફુલ મુંબઈમાં લીધા હતા. તેની પાંદડીઓને શાલ પર નાખી અને પછી પોતે નીચે એક ચટાઈ પાથરીને સૂઈ ગયા. મહાત્માથી રહેવાયું નહીં એમણે ફૈયાઝખાંને પૂછ્યું, 'જવાબ, આ શું ?' ફૈયાઝમાં કહે. 'મારા ઈષ્ટદેવ તો છે. સુર મારો ઈશ્વર છે. આ જ તો પરમાત્મા છે. એમને સીટ પર સુવડાવવા જોઈએ. હું તો એનો દાસ છું.'

મહાત્માએ ફૈયાઝખાની ઉત્તમ ઉપાસના માટે મનોમન વંદન કર્યા.

# પ્રદૂષણ નિયંત્રણમાં ઉણા ઉતર્યા

**તંત્રીસ્થાનેથી...**

પ્રદૂષણ એ આધુનિક વિશ્વની સૌથી મોટી સમસ્યાઓ પૈકીની એક છે. કુદરત સામે હરિફાઈમાં ઊતરેલા માનવીએ એના એક એક અંગને ખંડિત કરી મૂક્યું છે. પહાડોને વોડીફોડીને કહેવાતાં વિકાસ કાર્યો માટે જરૂર પથ્થર, મારબલ કે કપચીના ઢગ ખડકાતા રહ્યા છે. જમીનને ખોદી-ખંખોળીને કીમતી ઓઈલ, ગૅસ અને સિંચાઈ માટેનાં પાણી ઉલેચાતાં રહ્યાં છે. કારખાનાનાં ભૂંગળાં અહર્નિશ ધુમાડાના વાવટા ફરકાવતાં રહે છે. નદીઓના પગ બંધાઈ ગયા છે. એ મસમોટા ડેમો અને કૃત્રિમ સરોવરોમાં નજરકેદ થઈ ગઈ છે અને કુદરતી રીતે વહેવાનું ભૂલી ગઈછે. અતિવૃષ્ટિ થાય છે ત્યારે ડેમના દરવાજા ખૂલે છે અને ગાંડીતૂર થયેલી નદીઓ બેફામ બની જઈ ગામોમાં ગામ ખેદાનમેદાન કરી મૂકે છે. દરિયાઈ સંપત્તિ પર પણ કાળા માથાનો માનવોનો ડોળો શરૂથી જ મંડાયેલો રહ્યો છે. અનેક દરિયાઈ જીવોની પ્રજાતિઓ વિનાશના કાંગરે પહોંચી ચૂકી છે. એવું જ વનસંપદાનું થયું છે અને વન્યજીવો પૈકી ઘણા અદશ્ય થઈ ચૂક્યા છે. સૌથી મોટું નુકશાન ઓઝોન પડને થયું છે. હવા બગડી ગઈ છે. માણસ ગૅસ ચેમ્બરનાં નજરકેદ થઈ ગયો હોય એવી પરિસ્થિતિ સરજાઈ છે. ભારત હવાના પ્રદૂષણમાં વિશ્વવિક્રમ ધરાવ છે. ૨૦૧૯ના વર્ષમાં નૉવેલ કોરોના વાઈરસ જેવા ઘાતક વિષાણુની 'શોધ' થઈ, એ જ વર્ષ દરમિયાન વાયુ પ્રદૂષણથી ૧૬, ૬૭,૦૦૦ જેટલા મોત આપણાં દેશમાં હવાના પ્રદૂષણના કારણે નીપજ્યા હોવાનું તારણ પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક પ્રતિષ્ઠાનો દ્વારા હાથ ધરાયેલ અભ્યાસમાં રજૂ થયું છે. 'સ્ટેટ ઓફ ગ્લોબલ ઍર-૨૦૨૦'માં દર્શાવાયું છે કે હવાનું પ્રદૂષણ ભારતમાં સૌથી મોટું જોખમ બની ગયું છે. વાયુ પ્રદૂષણને કારણે માનવીનું આરોગ્ય નબળું પડે છે જે જીવલેણ રોગોને નિયંત્રણ આપે છે. સ્ટ્રોક, હાર્ટ એટેક, ડાયાબિટીસ, લંગ કેન્સર, દમ અને એમ્ફીઝીયા જેવા ફેફશાનાં બીજા રોગો તથા વાઈટલ ઓર્ગન્સની કાર્યક્ષમતાના ઘટાડાથી તથા બાળરોગોને લીધે એક જ વર્ષ દરમિયાન આટલી મોટી સંખ્યામાં મૃત્યુ નોંધાયા હતા. વર્ષ ૨૦૧૯માં ઓઝોન એક્સ્પોલરમાં ભારતનો સમાવેશ વિશ્વના પહેલા ક્રમના દસ દેશોમાં ત્રીજા ક્રમે થયો હતો. હવાના પ્રદૂષણમાં પીએમ.૨.૫માં તોતિંગ વધારો ધરાવતા ભારત સામે ઈજિપ્ત, થાઈલેન્ડ, વિયેતનામ, ચીન અને ફિલિપાઈન્સમાં પ્રદૂષણમાં ઘટાડો નોંધાયો છે. દુનિયાની સૌથી મોટી વસતી ધરાવતા ચીન અને ભારતમાં હવાના પ્રદૂષણથી કુલ મોતના ૫૮ ટકા મોંત નોંધાયા છે. ભારતની સોએ સો ટકા વસતિ હવાના પ્રદૂષણનો સામનો કરી રહી છે. દિલ્હીને તો ખુદ સુપ્રીમ કોર્ટે ગેસ ચેમ્બરની ઉપમા આપેલી તે ન ભુલવું જોઈએ. વાહનોના ધુમાડા ઉપરાંત નજીકના પંજાબ-હરિયાણાના ખેતરોમાં બાળી મુકાતા પરાળને કારણે દિલ્હીનું આકાશ કાળું ડિબાંગ રહે છે. દિલ્હીને કેજરીવાલ સરકારે વચ્ચે ઓડ-ઈવન નંબર વાળી વાહનવ્યવસ્થા અમલી બનાવી પ્રદૂષણ નાખવા કોશિશ કરી હતી. પરંતુ સૌથી શ્રેષ્ઠ કાર્ય તો કોરોના સંક્રમણ દરમિયાન લોકડાઉન પિરિયડમાં ખુદ કુદરતે કર્યું હતું. પંજાબનાં શહેરોમાં બેઠાં બેઠાં હિમાલયનાં બરફ આચ્છાદિત શિખરો નિહાળી શકાતા હતા. આકાશનો રંગ બદલાઈ ગયો છે કારણ કે કારનાખાંની ચીમનીઓ અને વાહનોનાં પૈડા થંભી ગયા હતા. હવા, પાણી અને ખોરાક : ત્રણે જીવનની અનિવાર્ય જરૂરિયાતો છે અને ત્રણે આપણને પ્રદૂષણ સ્વરુપે જ ઉપલબ્ધ થઈ રહેલ છે, ત્યાં આપણે જીવેમ શરદઃ શતમ્‌ના ઉપનિષદ મંત્ર મુજબ સો વર્ષનું નિરામય આયુષ્ય જીવવાની અપેક્ષા જ કઈ રીતે રાખી શકીએ? એક વાત ચોક્કસ કે ઓછી સગવડો ધરાવતા વનવાસીઓ અને અંતરિયાળ ગ્રામવાસીઓ શહેરી નાગરિકોની સરખામણીએ વધુ સારા હવાપાણી અને અપ્રદૂષિત ખોરાક મેળવી શકે છે. ગાંધીજી કદાચ એથી જ 'ગ્રામ સ્વરાજ'નો આગ્રહ રાખતા હતા.

# ॥ અહિરાવન કી ભુજા ઉખારે ॥

## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



એ રાત્રિ આસો સુદ સાતમની હતી. રાવણ પોતાની છાવણીમાં પાછો ફર્યો. ઉદાસી અને નિરાશાથી ઘેરાયેલો હતો. પોતાના પુત્ર મેઘનાદ આજે યુદ્ધમાં ખપી ગયો હતો. પોતાને હવે કોઈ સેનાનાયક રહ્યા ન હતા.



એને ઓચિંતો પાતાળ નરેશ અહિરાવણ યાદ આવ્યો. 'આ સમર્થ છે. મદદમાં આવશે.' એ શિવમંદિરમાં આવ્યો. પૂજન કર્યું. પછી અહિરાવણનો આવાહન મંત્ર બોલ્યો. અહિરાવણ ભગવતી દુર્ગાના મંદિરમાં હતો. એણે દેવીને પ્રણામ કર્યા અને રાવણ પાસે ઉપસ્થિત થયો.

રાવણે એને સન્માન સાથે યોગ્ય આસન આપ્યું અને મદદ માટે વિનંતી કરી. અહિરાવણે એને આશ્વાસન આપ્યું. 'ચિંતા ન કરશો. રામ અને લક્ષ્મણનું હું અપહરણ કરીશ અને કાલે દેવીને એમનું બલિદાન કરી દઈશ.' અહિરાવણે વિદાય લીધી.

એ શત્રુ છાવણી પાસે આવ્યો. અંદર જવા માટે એણે ઉપાય કર્યો. એણે માયાથી વિભીષણનું રુપ લીધું. હનુમાન દ્વારપાળ તરીકે બેઠા હતા. અહિરાવણે કહ્યું, 'જય શ્રીરામ' સંધ્યા પૂજામાં મારે મોડું થઈ ગયું. શ્રીરામ મારી ચિંતા કરતા હશે.' હનુમાનો એને વિષીષણ માનીને જવા દીધો.

છાવણીમાં રામલક્ષ્મણ સૂતા હતા. ફરતે ચક્રવ્યૂહ કરીને સેનાનાયકો સૂતા હતા. અહિરાવણે આ સૌ ઉપર સંમોહન વિદ્યાનો પ્રયોગ કર્યો. સૌ અચેત હોય, એ રીતે પ્રગાઢ નિદ્રામાં સરી પડ્યા. અહિરાવણે રામલક્ષ્મણને ઉઠાવી લીધા. આકાશમાર્ગે પાતાળ નગરી જવા પ્રયાણ કર્યું. તરત જ આકાશમાં તેજ લીસોટો થયો. રાવણને ખબર પડી ગઈ - 'અપહરણ થઈ ચૂક્યું છે.'

સૌ કોઈની નિદ્રા વળી, ત્યારે છાવણીમાં આઘાતનો સન્નાટો છવાઈ ગયો. 'રામલક્ષ્મણ નથી.' હનુમાનને સંશય થયો. એને ખાતરી થઈ. 'રાત્રે પ્રવેશ લીધો હતો, તે વિભીષણ ન હતા.' 'વિભીષણે કહ્યું.'મારું સ્વરુપ માત્ર અહિરાવણ જ લઈ શકે. હનુમાન! માત્ર તમે જ એમની પાસેથી રામલક્ષ્મણને છોડાવી શકશો.'

હનુમાન પાતાળ નગરી આવી ગયા. અહિરાવણ દેવીમાંની પૂજા કરતો હતો. હવનકુંડ તૈયાર હતો. રામલક્ષ્મણ બંધાયેલા હતા. પૂજાની થાળીમાં એક લાલ રંગનું ફૂલ હતું એમાં હનુમાન જંતુ રુપે પ્રવેશી ગયા. આ પુષ્પ અહિરાવણે દેવીને ચડાવ્યું. એટલે - 'આ તો હનુમાને મારે મસ્તકે ચરણ સ્પર્શ કર્યો.' એ વિચારે દેવી ત્યાંથી અદશ્ય થઈ ગયા. ત્યાં હનુમાન વિશાળ ભયંકર રાક્ષસનાં રુપમાં ઊભા રહી ગયા. અહિરાવણ જે પ્રસાદ ધરે, તે આરોગે. એને તો એમ જ હતું કે 'આ દેવી માતા જ છે.'

હવે ઓચિંતા જ, હનુમાન એના અંગરક્ષકો પર તૂટી પડ્યા, અનો તેઓ મરી ગાય. અહિરાવણનો ખ્યાલ આવી ગયો - 'કપટ થયું છે.' એણે હનુમાન ઉપર તલવાર વિંઝી - હનુમાને એટલા બળથી તલવાર ઝૂંટવી લીધી કે એનો હાથ શરીરથી છૂટો પડી ગયો. આ બધું વીજલીવેગે બન્યું. એ જ તલવારથી હનુમાને અહિરાવણનો શિરચ્છેદ કર્યો. એનું મસ્તક હવનકુંડમાં પડ્યું.

રામલક્ષ્મણને બંધનમુક્ત કર્ય. આનંદ છવાઈ ગયો. પોતાને ડાબે અને જમણે ખભે બંનેને બેસાડ્યા અને પોતાની છાવણીમાં પહોંચી ગયા.

# કયા જવાળામુખીને ભૂમધ્ય સાગરનો પ્રકાશ સ્તંભ કહેવામાં આવે છે?

## ખજાનો

અનિલ પટેલ



### વિશ્વની ભૂગોળ

૧ જાપાનનો સૌથી મોટો ટાપુ કયો છે ?
(અ) ગોટ્ટો (બ) હોન્સુ
(ક) યાકુશિમા (ડ) નિશુનુમોટે

૨ વિશ્વની સૌથી પહોળી નદી કઈ છે ?
(અ) એમેઝોન (બ) નાઈલ
(ક) તાઈગ્રીસ (ડ) રાયન

૩ કયા જવાળામુખીને ભૂમધ્ય સાગરનો પ્રકાશ સ્તંભ કહેવામાં આવે છે ?
(અ) ક્રોગન હીલ (બ) મૌના લોઆ
(ક) સ્ટ્રાંબોલી (ડ) માઉન્ટ એન્ટા

૪ એલ મિસ્ટ્રી જવાળામુખી કયા દેશમાં આવેલો છે. ?
(અ) જાપાન (બ) ઈન્ડોનેશિયા
(ક) તુર્કીસ્તાન (ડ) પેરુ

૫ મડાગાસ્કર ટાપુ કયા મહાસાગરમાં આવેલ છે ?
(અ) હિંદ મહાસાગર (બ) પેસીફીક
(ક) આર્કટિક (ડ) એટલાન્ટિક

૬ પાક જલસંધિ કયા બે દેશોને અલગ કરે છે?
(અ) ભારત-બાંગ્લાદેશ (બ) ભારત-શ્રીલંકા
(ક) શ્રીલંકા -ઈન્ડોનેશિયા (ડ) બાંગ્લાદેશ - મ્યાનમાર

૭ જર્મનીનું કોલોન શહેર કઈ નદી કિનારે આવેલ છે ?
(અ) ડેન્યુબ (બ) એલ્બે
(ક) રાયન (ડ) વીસર

૮ દક્ષિણ અમેરિકા ખંડનો સૌથી નાનો દેશ કયો છે ?
(અ) પેરુ (બ) ગુઆયા
(ક) ચિલી (ડ) સુરીનામ

૯ કયું શહેર વિશ્વનું આટા બજાર તરીકે ઓળખાય છે?
(અ) ડુલુથ (બ) એડીનબર્ગ
(ક) મિલાન (ડ) બ્રિસ્ટલ

૧૦ ચટગાંવ બંદર કયા દેશમાં આવેલ છે?
(અ) ભારત (બ) બાંગ્લાદેશ
(ક) શ્રીલંકા (ડ) મ્યાનમાર

૧૧ આયર અને ટોરેન્સ સરોવરો કયા દેશમાં આવેલ છે ?
(અ) અમેરિકા (બ) દ. આફ્રિકા
(ક) ઈંગ્લેન્ડ (ડ) ઓસ્ટ્રેલિયા

૧૨ રાકાપોશી પર્વત શિખર કયા દેશમાં આવેલ છે ?
(અ) પાકિસ્તાન (બ) નેપાળ
(ક) ભૂતાન (ડ) ચીન

૧૩ સુવર્ણદ્વીપ કયા દેશનું પ્રાચીન નામ છે ?
(અ) મલેશિયા (બ) સિંગાપોર
(ક) જાવા (ડ) સુમાત્રા

૧૪ વિશ્વની સૌથી લાંબી પર્વતમાળા કઈ છે?
(અ) હિમાલયન (બ) એન્ડિઝ
(ક) ઈટાલીયન આલ્પસ (ડ) ભારતનો પશ્ચિમ ઘાટ

૧૫ આફ્રિકાનું કયું સરોવર વિષુવવૃત્ત પર આવેલ છે ?
(અ) રૂકવા (બ) ન્યાસા સરોવર (નેવાસા)
(ક) નાકુરુ (ડ) એવોર્ડ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૩ ઓક્ટોબર :
  - ટેલિફોન ક્ષેત્રે ક્રાન્તિકારનાર સુનીલ ભારતી મિત્તલનો જન્મદિવસ (૧૯૫૭)
  - રશિયન લેખક બેરિસ પસ્તનાકને સાહિત્યક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ નોબેલ પારિતોષિક મળ્યું (૧૯૬૮)
  - કેળવણીકાર યશવંત શુક્લની પુણ્યતિથિ (૧૯૯૯)
  - વિશ્વમાં પ્રથમવાર ઈટાલી અને તુર્કીસ્તાન વચ્ચે યુદ્ધના વિમાનનો ઉપયોગ થયો (૧૯૧૧)
- ૨૪ ઓક્ટોબર : સંયુક્ત રાષ્ટ્ર દિવસ
  - આયર્લેન્ડની સ્વતંત્રતાના લડવૈયા એમન-દ-વેલેરાની જન્મજયંતિ (૧૮૮૨)
  - હરજી બ. દામાણી 'શયદા'ની જન્મજયંતિ (૧૮૯૨)
  - પ્રોમથેશચંદ્ર (પી.સી.) બહુઆની જન્મજયંતિ (૧૯૦૩)
  - 'ભગવદ્ ગોમંડલ' શબ્દકોષ તૈયાર કરનાર ગોંડલ નરેશ ભગવતસિંહજીનો જન્મદિવસ (૧૮૬૫)
- ૨૫ ઓક્ટોબર :
  - ગુજરાતના રાજયના પૂર્વ મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝાનો જન્મદિવસ (૧૯૧૧)
  - દેશમાં અનાજ સંગ્રહખોરો માટે 'મીસા' નો કાયદો લાગુ કરાયો (૧૯૭૪)
  - ભારતીય વૈદક શાસ્ત્રજ્ઞ ડૉ. ગણનાથ સેનાની પુણ્યતિથિ (૧૯૪૪)
  - ગીતકાર સાહિલ લુધિયાનવીનું નિધન (૧૯૮૦)
- ૨૬ ઓક્ટોબર :
  - કોલેરાની રસીના શોધક વાલ્ડમેર હાફકીનનું નિધન (૧૯૩૦)
  - ઓલ ઈન્ડિયા વિલેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની રચના (૧૯૩૪)
  - વિસ્ટન ચર્ચીલ બીજી વખત બ્રિટનના વડાપ્રધાન બન્યા (૧૯૫૧)
- ૨૭ ઓક્ટોબર :
  - ભારતીય ક્રિકેટના જાણીતા બેટ્સમેન વિજય મરજન્ટનું નિધન (૧૯૮૭)
  - સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિવીર જતીન્દ્રનાથ દાસનો જન્મ (૧૯૨૦)
  - તુર્કમેનિસ્તાન સોવિયેટ સંઘમાંથી છૂટું પડ્યું (૧૯૯૧)
  - નાશાએ મિશન સેટર્ન એપોલો-૧ અંતર્ગત પ્રથમ વોર્ટન-૧ રોકેટ છોડ્યું (૧૯૬૧)
- ૨૮ ઓક્ટોબર :
  - વિવેકાનંદના શિષ્યા કુ. ભગિની નિવેદિતાનો જન્મદિવસ (૧૮૬૭)
  - ઈઝરાયેલે ભારતનો રાષ્ટ્રધ્વજ અપનાવ્યો (૧૯૪૮)
  - મનુભાઈ જોધાણીની જન્મજયંતિ (૧૯૦૨)
- ૨૯ ઓક્ટોબર :
  - બ્રિટીશ કવિ જહોન કિટસનો જન્મદિવસ (૧૭૯૫)
  - ભૂમિતિ અને ભૌતિક વિજ્ઞાનમાં નોંધપાત્ર શોધો કરનાર મહાન વૈજ્ઞાનિક ટોરીશેલી એવેન્ઝિલીસ્ટ્રાની પુણ્યતિથિ (૧૬૪૭)
  - દિલ્હીમાં જામિયા - મિલિયા ઈસ્લામિયા યુનિ.ની સ્થાપના (૧૯૨૦)
  - પેટન્ટ કરાવ્યાના ૫૭ વર્ષ બાદ પ્રથમ બોલ પોઈન્ટ પેન બજારમાં મુકી (૧૯૪૫)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં ન્યૂઝ ચેનલના કયા પત્રકાર અનેક વિવાદોમાં ઘેરાયા છે?
જવાબઃ રિપબ્લીક ટીવીના અર્નબ ગૌસ્વામી

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) આકાશ જી પટેલ : સે-૨૩ (૨) મીત પી પટેલ : સે-૨૩ (૩) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) ઋજિત રાવલ : સે-૭ડી (૬) મૂળજીભાઈ પરમાર દધિ : સે-૭ (૭) નટુભાઈ દરજી : પેથાપુર (૮) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

**આ સપ્તાહનો સવાલ**

એલજેપી પક્ષના સ્થાપક એવા કયા નેતાનું તાજેતરમાં અવસાન થયું?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સુખી હું તેથી કોને શું ?
# દુઃખી હું તેથી કોને શું?

## હળવે હૈયે

પ્રકાશ લાલા



શહેરનો સંપન્ન માણસ ગામડે ગયો હતો... સીમમાં ફરતાં એણે જોયું કે નાનકડા ખેતરમાં વૃક્ષ નીચે એક માણસ ખાટલામાં આંખો ખુલ્લી રાખીને સૂતો છે,ને ઉપર ઝાડનાં ડાળ-પાન જોઈ મલકાઈ રહ્યા છે.

શહેરી બાબુને એ આળસુ લાગ્યો. એણે પાસે જઈને પૂછ્યું : 'અલ્યા, શું કરે છે?'

'દેખાતું નથી? લહેરથી પડ્યો છું.' ગામડિયાએ ઉત્તર આપ્યો.

'પણ, આ ઠીક ના કહેવાય... આમ પડી રહેવાને બદલે મહેનત કર... વધારે મહેનત કરવી જોઈએ તારે!!' શહેરીજને વગર માગ્યે શિખામણ આપી...

ગામડિયાએ પૂછ્યું : 'તોં શું થાય ?'

'વધારે મહેનત કરીશ તો વધુ કમાઈશ.'

'પછી?'

'પછી તું આનાથી મોટું ખેતર લઈ શકીશ...'

'હં પછી?'

'પછી શું? તારી આવક વધશે તો તું બહુ બધી ગાયો-ભેંસો ખરીદી શકીશ... એનાં દૂધમાંથી પણ તને વધારે કમાણી થશે...'

'પછી ?' ગામડિયાએ પૂછ્યું.

'અરે મૂર્ખ, પછી તું લ્હેરથી, આરામથી - સુખેથી જીવી શકીશ...'

'તે ભાઈ, આ અત્યારે હું શું કરું છું? આારમથી સુખે સૂતો છું ને! વધારે મજૂરી - મહેનત કરીને, કમાઈને છેવટે આ જ મળવાનું હોય તો આ લહેર શું ખોટી છે!' ગામડિયા ખેડૂતે જવાબ દીધો... ને શહેરી વ્યક્તિ પણ વિચારમાં પડી ગયો કે સાલું, હું હાયવોય, દોડધામ, ટેન્શન પછી કેટલું ય કમાઉં છું પણ આના જેવો સુખી છું?

મહત્વ આપણે શેને સુખ માનીએ છીએ ને આપણને શેમાં સુખ મળે છે એ વાતનું છે...

ઝઘડાખોરને કોઈ સાથે ઝઘડો કરી, બાઝી બોલી સુખ મળી જાય છે તો કોઈને સેવા કરવામાં સુખની અનુભૂતિ થાય છે.

ત્યારે તરસ લાગી હોય, વોટર બોલટ ના હોય, કોઈક સરનામું શોધતા શોધતાં ટાંટિયાની કઢી થઈ ગઈ હોય (ખોટી) વાહન સુખવાળાઓને જ જીપીએસ વાપરનારા માટે આ ઉદાહરણ નથી..) ત્યારે અચાનક કોઈ મળી જાય જે પાણી પણ પીવડાવે ને સાચું સરનામું બરાબર બતાવે ત્યારે પરમ સુખની પ્રાપ્તિનો અનુભવ થયો હશે... ને એ વ્યક્તિ ભગવાન જેવી લાગી હશે, ખરું ને? ઉંઘણશીને ઘરવાળી મોડે સુધી ઘોરવા દે એમાં સુખ મળતું હોય છે ને ડિસ્ટર્બ ન કરનાર ઘરવાળી એને ભગવાન ભાસતી હોય છે.

આમ વ્યક્તિએ વ્યક્તિએ, પ્રસંગે પ્રસંગે ને સમયે સમયે સુખની વ્યાખ્યા બદલાતી હોય છે... પણ કવિ કહે છે કે :

'જિંદગી જીવવાની સારી રીત
મેં જાણી લીધી...
જયારે જે મળ્યું તેને
મેં ખુશી માની લીધી...'

મતલબ કે ગમતું - જોઈતું મળી જાય તે તો ખુશીની વાત છે ને સુખ પ્રાપ્તિનો અહેસાસ છે પરંતુ જીવનમાં હરેક વેળા ઈચ્છિત - મનવાંછિત મળતું નથી ને ત્યારે દુઃખી થઈ જવાય છે પણ જો જે મળે તેને ખુશીથી સ્વીકારવાનું આવડી જાય તો તો પછી સુખ જ સુખ છે... કેમ કે એને સુખ તે દુઃખનાં કારણો છે ને!!

દુનિયામાં લોકો સુખી કેમ નથી? કારણ કે તે બીજા કેમ શુખી છે એની શોધનમાં બિઝી હોય છે... પરિણામે પોતાની મસ્તી-મોજ ગુમાવે છે.

માટે પારકી પળોજણ - પંચાત છોડી પોતાનામાં વ્યસ્ત -મસ્ત રહેવું જોઈએ. કારણ કે આપણે સુખી હોઈએ કે દુઃખી, બીજાઓને ખાસ ફરક પડતો નથી!

બાકી તો કોઈએ કહ્યું છે એમ : 'દુનિયામાં એટલું ઝેર અને લોકોના મનમાં એવા વેર ભર્યા છે કે કોઈની કબર ઉપર લીલું ઘાસ જોઈને રહેશે કે : આને તો મર્યા પછી પણ લીલાલહેર છે...'